# આ વખતે ભાજપને પાડી દઈશું : જિગ્નેશ મેવાણી

## નરેન્દ્ર મોદીને મહા દૈત્ય અને સંઘને હિટલર-મુસોલિનીની વિચારધારા ગણાવ્યા : ૬ ડિસેમ્બરે ડો. આંબેડકર નિર્વાણ દિને ખૂબ મોટા કાર્યક્રમનું આયોજન થશે : ભાજપના જે છ મંત્રીઓને હરાવવાનુ લક્ષ્ય છે તેમના નામ આવતીકાલે જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૪
"ઢીમ ભાજપનું ઢાળી દઈશુ, આ વખતે તો પાડી દઈશુ" તેવા હુંકાર સાથે ગુજરાતના યુવા દલિત નેતા જિગ્નેશ મેવાણીએ આજે ગાંધીનગરના સેક્ટર-૧૪માં દલિત સ્નેહ સંમેલનમાં વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે 'આગામી તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે દલિતો ઉપરાંત આદિવાસી, ઓબીસી, પાટીદાર, મુસ્લિમ, ટ્રેડ યુનિયનો તથા યુવા સંગઠ્નો સાથે મળીને એક મોટો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના સ્થળની જાહેરાત આવતીકાલે અમદાવાદમાં તેઓ કરશે. તે સાથે ભાજપ સરકારના ૬ મંત્રીઓના નામ પણ જાહેર કરશે જેને આ ચૂંટણીમાં કોઈ પણ ભોગે જીતવા નહી દેવાય.

જિગ્નેશ મેવાણીએ સંઘ પરિવારને ભાજપ કરતા પણ સો ગણો ખતરનાક હોવાનું ગણાવતા તેની વિચારધારાના મૂળ છેક હિટલર-મુસોલિની સુધી પહોંચે છે તેવો આક્ષેપ કર્યો હતો. આ સાથે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'મહાદૈત્ય' કહી ભાજપ સરકારને ફાસીવાદી વિચારધારાવાળી સરકાર કહી હતી. જિગ્નેશ મેવાણીએ પોતાને કોંગ્રેસના એજન્ટ નહી પરંતુ ગુજરાતના ૪૭ લાખ દલિતોના એજન્ટ હોવાનું કહેતા એમ પણ કહ્યુ હતુ કે આઝાદી પછીની તમામ સરકારોએ દલિતોને માત્ર રંજાડવાનું જ કામ કયુ છે. જેમાં નરેન્દ્ર મોદીની સરકાર સૌથી ખતરનાક હોવાનુ જણાવતા ગૌરી લંકેશથી માંડીને પત્રકાર ભૌમિકની હત્યાઓ પાછળ આ જ વિચારધારા હોવાનું જણાવ્યુ હતુ. મેવાણીએ હાર ભાળી ગયેલી ભાજપ ઈવીએમ સાથે ચેડાં જરૂર કરશે તેમજ દરેક બેઠક પર એક લાખ મતદારોને ૨ હજારની નોટ આપવાની છે તેવો આક્ષેપ કર્યો હતો.

જિગ્નેશ મેવાણીએ ભાજપને ચૂંટણી ટાણે રામ વાદ આવે છે અને આ વખતે રામ એટલે રૂપાણી, અમિત શાહ અને મોદી છે. જેઓ તમને હજની બીક બતાવશે, હજ એટલે હાર્દિક, અલ્પેશ અને જિગ્નેશ. તેમણે જ્યાં સુધી દેશમાં જાતિવાદી વ્યવસ્થા દૂર નહી થાય ત્યાં સુધી તેમની લડત ચાલુ રહેશે તેવુ જણાવતા ભાજપ અદાણીના પૈસે હિન્દુ રાષ્ટ્રનો એજન્ડા ચલાવી રહી છે. અને હિન્દુ રાષ્ટ્ર એટલે ગળામાં કુલડી અને પાછળ ઝાડુ કહ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે સેક્ટર-૧૪ના વસાહતીઓ દ્વારા આજે બપોરે બગીચામાં દલિત સ્નેહમિલન સમારંભનું આયોજન કરાયુ હતુ જેમાં જિગ્નેશ મેવાણીને આમંત્રણ અપાયું હતું.

### રામ મંદિરનો મુદ્દો લાવે તો પહેલા આ પ્રશ્નો પૂછજો

જિગ્નેશ મેવાણીએ કહ્યું કે ભાજપ રામ મંદિરની વાત કરી વૉટ માંગવા આવશે પરંતુ તમે તેને પુછજો કે ગત ચૂંટણીમાં તમે ૫૦ લાખ ઘર બાંધવાનુ વચન આપ્યું હતું તેનું શું થયું ? વિદેશની બેંકોમાંથી કાળુ નાણું પરત લાવી દરેકને રૂ. ૧૫ લાખ આપવાનું કહ્યુ હતુ તેનું શું થયું ? ઉનાના પિડિતોનું શુ થયુ ? બાલુભાઈ સરવૈયાને જમીન આપવાનું શું થયું ? રાયગઢ દલિત હત્યાકાંડના આરોપીઓનું શું થયું ? આ સવાલોના જવાબ તેમની પાસે નહી હોય.










### નિફ્ટ ખાતે ક્રાફ્ટ પ્રદર્શન

ગાંધીનગર ખાતે ફેશન ટેકનોલોજીનું ઉચ્ચ શિક્ષણ આપતી ખ્યાતનામ સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનલોજી-નિફ્ટ ખાતે ક્રાફ્ટ પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ પ્રદર્શનમાં નિફ્ટના વિદ્યાર્થીઓએ એકથી એક ચઢિયાતી ક્રાફ્ટની કૃતિઓ તૈયાર કરી રજૂ કરી હતી.

# નિયત વૈકલ્પિક ફોટો દસ્તાવેજી પુરાવા પૈકી એક માન્ય રહેશે

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન મતદાન મથક ઉપર મતદાન અર્થે આવતા; મતદારે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે તેમને આપવામાં આવેલા મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરવા ભારતના ચૂંટણી પંચે નિર્દેશ કરવામાં આવ્યો છે. પરંતુ જે મતદારો પાસે મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરી શકે તેમ નથી તેવા મતદારો મતદાન મથકે ઓળખ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા વૈકલ્પિક દસ્તાવેજ પૈકી કોઇ એક પુરાવો રજૂ કરવાનો રહેશે.

તે ઉપરાંત જો કોઇ મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરી ન શકે અથવા ઓળખકાર્ડમાં અધિકૃત મતદાર ફોટો કાપલીનો ફોટો મતદાર સાથે મળતો ન આવે તો તે મતદારે ભારતના ચૂંટણી પંચે તા. ૯-૧૧-૨૦૧૭ના હુકમથી નિયત કરેલ પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, રાજય સરકાર/ કેન્દ્ર સરકારના જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતાં ફોટો સાથેના ઓળખકાર્ડ, બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક, ઈન્કટેક્ષ (પાન) ઓળખકાર્ડ, નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (એનપીઆર) સ્કીમ હેઠળ આરજીઆઈ દ્વારા આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ, મનરેગાનું જોબકાર્ડ મનરેગા જોબકાર્ડ, શ્રમ મંત્રાલય તરફથી આપવામાં આવેલ હેલ્થ ઈન્સયુરન્સ સ્કીમ સ્માર્ટ કાર્ડ, ફોટા સાથેના પેન્શન દસ્તાવેજ, ચૂંટણી તંત્ર તરફથી આપવામાં આવેલ અધિકૃત ફોટો વોર સ્લીપ, સંસદસભ્યો/વિધાનસભ્યો/ વિધાનપરિષદનાં સભ્યો દ્વારા આપવામાં આવેલા અધિકૃત ઓળખ પત્રો, આધાર કાર્ડમાંથી કોઇ પણ એક દસતાવેજ પુરાવા રજૂ કરીને મતદારે પોતાની ઓળખ પ્રસ્થાપતિત કરવા ભારતના ચૂંટણી પંચે મંજુરી આપી છે.

જયારે મતદારયાદીમાં નોંધાયેલ ભારતીય વિદેશી નાગરિકોએ મતદાન મથક ઉપર પોતાની ઓળખ માટે તેમનો અસલ પાસપોર્ટ રજૂ કરવાનો રહેશે.

# ભાજપ-કોંગીનો અહંકાર ઉતારી મતદારો વાઘેલાને સત્તા સોંપશે

અમદાવાદ,તા.૨૪
ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી ગઇ છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ સત્તાના મદ અને લાલચમાં છકી ગયા છે, કોંગ્રેસ અત્યારથી જ શપથવિધિના સપના જુએ છે, તો ભાજપના નેતાઓ હાર્દિક પટેલને તારા જેવા કેટલા જોઇ નાંખ્યા અને તારા જેવા કેટલાયને સીધા કરી દીધા એમ કહી અશોભનીય શબ્દો વાપરી અહંકારમાં મગ્ન બન્યા છે ત્યારે ગુજરાતના મતદારો ભાજપ-કોંગ્રેસના અહંકારને ઉતારીને લોકકલ્યાણના કાર્યો માટે હંમેશા તત્પર એવા સરળ સ્વભાવના શંકરસિંહ વાઘેલાને સત્તાનું સુકાન સોંપશે એમ જન વિકલ્પ પાર્ટીના પ્રવકતા પાર્થેશ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હજુ તો ૧૮૨ વિધાનસભા બેઠકોના બીજા તબક્કાની બેઠકોના ઉમેદવારીપત્રો ભરાવાનો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસ જાણે કે તેની સરકાર બની ગઇ હોય એમ અત્યારથી જ શપથવિધિના સપના જોઇ રહી છે અને શપથવિધિમાં બધાને આમંત્રણ આપી રહી છે જે કોંગ્રેસનું અભિમાન દર્શાવે છે. તો આ જ પ્રકારે ભાજપના નેતાએ પણ તાજેતરમાં જ ભાજપના મંચ પરથી હાર્દિક પટેલને તુ તારી ભાષામાં તારા જેવા ઘણા જોઇ નાંખ્યા, તારા જેવા ઘણાને સીધા કરી નાંખ્યા અને કેટલાય ખોવાઇ ગયા આ પ્રકારની ભાષા પ્રયોગ કરી ભાજપના અહંકારને પ્રદર્શિત કર્યો છે. ભાજપ અને કોંગ્રેસની આવી નિમ્નસ્તરની ભાષા અને આ પ્રકારના અહંકારી વર્તન નિંદાને પાત્ર છે. કોંગ્રેસના આવા અહંકારી વલણના કારણે જ જન વિકલ્પ પાર્ટીના પ્રણેતા અને રાજપાના તત્કાલીન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસ છોડવી પડી હતી.



જન વિકલ્પ પાર્ટીના પ્રવકતા પાર્થેશ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસના અહંકારી અને અભિમાની સ્વભાવ અને ચરિત્રથી ગુજરાતની જનતા પરિચિત થઇ ગઇ છે અને તેથી આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના મતદારો સરળ સ્વભાવના અને પ્રજા પર પ્રેમ રાખનારા શંકરસિંહ વાઘેલાને સત્તાનું સુકાન સોંપશે. ઉલ્લેખનીય છે કે, જન વિકલ્પ પાર્ટી ટ્રેકટર ચલાવતો કિસાનના ચિહ્ન હેઠળ આ વિધાનસભા ચૂંટણી લડી રહી છે.

# અમદાવાદમાં કોંગ્રેસના ચાર ઉમેદવારોને ફોર્મ ભરવા ફોનથી સૂચના અપાઈ

અમદાવાદ, તા.૨૪
બીજા તબકકાની આગામી ૧૪ ડીસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે હવે ઉમેદવારી પત્ર ભરવા માટે માત્ર ત્રણ દિવસનો સમય બાકી રહ્યો છે તેવા સમયે કોંગ્રેસ દ્વારા અમદાવાદ શહેરની બેઠકો ઉપર ઉગ્ર વિરોધને ખાળવા માટે ચાર જેટલા ઉમેદવારોને ફોર્મ ભરવા ફોનથી સુચના આપી હોવાનું વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

અમદાવાદ શહેરની બેઠક ઉપર બળવો શાંત કરવા જયા એક તરફ કોંગ્રેસ દ્વારા ગુલામનબી આઝાદને અમદાવાદ શહેર માટે જવાબદારી સોંપવામા આવી છે.ત્યાં બીજી તરફ અમદાવાદ શહેરની મહત્વપૂર્ણ એવી ચાર જેટલી વિધાનસભા બેઠકો ઉપર ઉમેદવારી કરવા માટે ઉમેદવારોને ફોનથી સુચના આપી દેવામા આવી હોવાનું જાણવા મળ્યુ છે.જે ચાર ઉમેદવારોને ફોન દ્વારા હાઈકમાન્ડ દ્વારા ફોર્મ ભરવા અંગેની સુચના આપવામા આવી છે તેમા અમદાવાદ શહેરના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલને શહેરની બાપુનગર બેઠક પરથી,સીટીંગ ધારાસભ્ય ગ્યાસુદીન શેખને દરિયાપુર બેઠક ઉપરથી,શૈલેષ પરમારને શહેરની દાણીલીમડા બેઠક પરથી અને સાબીર ખેડાવાલાને શહેરની ખાડીયા-જમાલપુર બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવાની ફોનથી સુચના આપી દેવામા આવી છે.અત્રે નોંધનીય છે કે,૧૪ ડીસેમ્બરના રોજ જયાં મતદાન યોજાવાનુ છે તેવી બેઠકો ઉપર ઉમેદવારી કરવા માટે સોમવારે અંતિમ દિવસ છે.કોંગ્રેસના કાર્યકરો દ્વારા બાપુનગરમાં પૂર્વ મેયર હિંમતસિંહને ટિકીટ આપવા સામે ઉગ્ર વિરોધ કરવામા આવ્યો હતો.



ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે વટવા વિસ્તારમાંથી ભારે જનસમર્થન સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ સમયે મહિલા કાર્યકરોએ ગરબા કર્યા હતા. જ્યારે ગગનભેદી સૂત્રોચ્ચાર વચ્ચે ઉમેદવારીપત્ર ભરાયું ત્યારે પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પદ્માવતીના પ્રતિબંધના નિર્ણયને આવકાર, બારશાખ રાજપૂત સમાજ રાજપૂત યુવા સંગઠન

ભારતના ઘણા રાજ્યોમાં વિવાદસ્પદ ફિલ્મ પદ્માવતી બાબતે રાજપૂત સમાજની લોક લાગણીને માંગણીને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા પ્રતિબંધના નિર્ણયને બારશાખ રાજપૂત-સમાજના પ્રમુખ એલ.એસ.ચાવડા, જસંવતસિહ ચુડાસમા રાજપૂત યુવા સંગઠન, મુકેશ ચુડાસમા, મહેન્દ્ર ચાવડા, ગુલાબ સોલંકી, મુકુન્દ રાજપૂત, ચેતન રાજપૂત રાજ્ય સરકારના નિર્ણયને આવકારે છે.

**રક્તદાન મહાદાન**

# બોગસ યાદી ફરતી કરવાના કેસમાં સાયબર સેલને તપાસ


અમદાવાદ, તા.૨૪
ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની અધિકૃત અને સત્તાવાર યાદી જાહેર થાય તે પહેલાં કોંગ્રેસના લેટરપેડ પર ઉમેદવારોની બોગસ યાદી સોશ્યલ મીડિયામાં વાયરલ કરી ફરતી કરવાના પ્રકરણમાં ચૂંટણી પંચ દ્વારા આખરે શહેર ક્રાઈમબ્રાંચના સાયબર સેલને તપાસ સોંપવામાં આવી છે. સાયબર સેલને તપાસ સોંપાતા કોંગ્રેસની ચૂંટણી સમિતિના અધ્યક્ષ બાલુભાઈ પટેલે કોંગ્રેસના વકીલો સાથે આજે સાંજે સાયબર સેલ પહોંચ્યા હતા અને વિગતવાર રજૂઆત કરી હતી. ક્રાઈમબ્રાંચના સાયબર સેલે પણ આ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ સઘન અને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. કોંગ્રેસની ચૂંટણી સમિતિના અધ્યક્ષ બાલુભાઈ પટેલે લીગલ સેલના કન્વીનર અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ નિકુંજ બલ્લર મારફતે ચૂંટણી પંચ અને શહેર પોલીસ કમિશનર સમક્ષ ફરિયાદ કરી રજૂઆત કરી હતી કે, ગઈકાલે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની સત્તાવાર કે અધિકૃત યાદી જાહેર થાય તે પહેલાં જ કોંગ્રેસના લેટરપેડ પર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની બોગસ સહી સાથે ઉમેદવારોની બોગસ યાદી સોશ્યલ મીડિયામાં ફરતી કરી દેવાઈ હતી. પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે અને રાજયના નિર્દોષ નાગરિકો તેમ જ મતદારોને ગેરમાર્ગે દોરવાના બદઈરાદાથી કોંગ્રેસના ઉમેદવારોની આ બોગસ યાદી ફરતી કરવામાં આવી હતી. લીગલ સેલના કન્વીનર નિકુંજ બલ્લરે માંગણી કરી હતી કે, એક તો કોંગ્રેસપક્ષના લેટરપેડનો ખોટો દૂરપયોગ થયો છે, બીજુ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની બોગસ અને બનાવટી સહી કરવામાં આવી છે કે જે દેખીતી રીતે જ ખબર પડી જાય છે કે, બોગસ સહી છે કારણ કે, આ સહી ભરતસિંહ સોલંકીની અસલ સહીથી અલગ તરી આવે છે.

# આઈસમેક રેફ્રિજરેશનનો આવી રહેલ SME IPO ૨૮ નવેમ્બર ખુલશે અને ૩૦ નવેમ્બર બંધ થશે

આઈસમેક રેફ્રિજરેશન લિમિટેડ રેફ્રિજરેશન ઉપકરણોનું ઉત્પાદન કરતું એકમ છે, જે કુલિંગ સીસ્ટમ માટે કુલીંગ સોલ્યુશન અને તેના સાધનો પૂરી પાડવાની કામગીરી કરે છે. તે કોઈલ મેન્યુફેક્ચરીંગ સુવિધા ઉભી કરવા, હાલની સુવિધાને અપગ્રેડ કરવા, વહીવટી કાર્યાલયના બાંધકામ માટે, બ્રાન્ડ બિલ્ડીંગ દ્વારા બ્રાન્ડનેમ પ્રસ્થાપિત કરવા માટેના ખર્ચને પહોંચી વળવા તથા વધતી જતી વર્કિંગ કેપીટીલની જરૂરિયાતને પહોંચી વળવા મૂડી વધારવા SME IPO લાવી રહ્યું છે. કંપની દ્વારા કરવામાં આવતા પ્રોડક્સનો ઉપયોગ ડેરી, આઈસક્રીમ, ફૂડ પ્રોસેસીંગ, એગ્રીકલ્ચર, ફાર્માસ્યુટીકલ, કોલ્ડ ચેઈન, લોજીસ્ટીક્સ, હોસ્પીટલ્સ, હોસ્પીટાલીટી અને રીટેઈલ વિગેરે જેવી કંપનીઓમાં થાય છે. કંપનીની મુખ્ય ચાર ધંધાકીય શ્રેણી છે, જેમાં કોલ્ડ રૂમ, કર્મર્શિયલ રેફ્રિજરેશન, ઈન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન અને ટ્રાન્સપોર્ટેશન રેફ્રિજરેશનનો સમાવેશ થાય છે. નાણાંકીય વર્ષ-૨૦૧૭ માટેનું રીસ્ટેટેડ સ્ટેન્ડએલોન નાણાંકીય માહિતી અનુસાર જેનો હિસ્સો કંપનીના રેવન્યૂમાં અનુક્રમે ૬૩.૪૧ ટકા, ૧૪.૪૧ ટકા, ૧૩.૪૯ ટકા અને ૫.૭૫ ટકા છે.

કંપની સર્વ ચંદ્રકાન્ત પી. પટેલ, રાજેન્દ્ર પી. પટેલ અને વિપુલ આઈ. પટેલ દ્વારા પ્રમોટ કરવામાં આવી છે. ચન્દ્રકાન્ત પી. પટેલ કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર છે અને તેઓ બિઝનેસ સ્ટ્રેટેજી, રીસર્ચ અને ડેવલોપમેન્ટ અને એન્ટરપ્રાઈઝ ઓપરેશન ડીવીઝનના વડા છે. રાજેન્દ્ર પી. પટેલ સંયુક્ત મેનેજીંગ ડીરેક્ટર છે અને તેઓ કંપનીમાં કોલ્ડ રૂમ સ્ટોરેજ, રેફ્રિજરેટર કન્ટેનર્સ અને ક્વોલીટી કન્ટ્રોલ ડિવિઝન સંભાળે છે. વિપુલ આઈ. પટેલ સંયુક્ત મેનેજીંગ ડીરેક્ટર છે. આઈસમેક રેફ્રિજરેશન લિમિટેડ પોતાના બ્રાન્ડનેમ 'ICE Make'ના નામે ધંધો કરે છે. સાથે સાથે પોતાની સંપૂર્ણ માલિકીની સહયોગી કંપની ભારત રેફ્રિજરેશન્સ પ્રા.લિ. દ્વારા 'Bharat' અને 'Trans Freez' બ્રાન્ડ નામથી પણ ઉત્પાદન કરે છે.

**જાહેર નોટીસ**



આથી અમો નીચે સહી કરનાર, શ્રી એમ.એસ. ત્રિવેદી, એડવોકેટ, અમારા અસીલ શ્રી હર્ષિધ્ધભાઈ ચીમનલાલ ભટ્ટ, રહેવાસી : પ્લોટ નં. ૧૨૨/૨, સેક્ટર-૨૬, ગાંધીનગરનાંઓની સુચના અનુસાર આ નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે -

ઉપરોક્ત ફોટાવાળા અમારા અસીલના પત્ની શ્રીમતી દર્શનાબેન (શ્રી જનકરાય ચીમનલાલ આચાર્યના દિકરી) કે તેઓ છેલ્લાં ઘણા સમયથી અમારા અસીલના કહ્યામાં નથી તેમજ તેઓના પિયર પક્ષ તરફથી પણ તેઓને કોઈ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી અને મારા અસીલનાં પત્ની વારંવાર ઘરમાં અકારણ ગૃહકંકાશ કરીને ઘરનાં સભ્યોની સાથે શારીરિક ઈજા પહોંચાડવાનું તેમજ માનસિક ત્રાસ ગુજારવામાં આવી રહેલ છે. તેમજ અમારા અસીલને જાણ કર્યા સિવાય સ્વેચ્છાએ અને સ્વચ્છંદી રીતે પોતાને યોગ્ય લાગે તેવા તમામ પ્રકારનાં ધાર્મિક કાર્યક્રમોમાં અવારનવાર ઘર છોડીને ચાલ્યા જાય છે. તેમના આ પ્રકારની ગેરવર્તણુંક તેમજ શારીરિક અને માનસિક ત્રાસ અંગેની ફરીયાદો સેક્ટર-૧૬ મહિલા પોલીસ સ્ટેશન, સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન, ગાંધીનગર તેમજ અમારા અસીલના સાબરમતીના મકાનેથી તાળુ તોડી માલસામાન સગેવગે કરવા અંગે સાબરમતી પોલીસ સ્ટેશનમાં મારા અસલીના પત્ની વિરૂદ્ધ મેટ્રો મેજી. કોર્ટ અમદાવાદમાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ અમારા અસીલ દ્વારા ફરીયાદો કરવામાં આવેલ છે, જે હાલમાં પડતર છે.

આથી આ નોટીસ આપી જણાવવાનું કે, અમારા અસીલના પત્નીએ ફેમીલી કોર્ટમાં ખાધા ખોરાકી મેળવવા બાબતનો કેસ દાખલ કર્યા પછી મારા અસીલની જાણ બહાર જલારામ સેવા સમાજ સંસ્થામાં દાન કર્યા અંગેની માહિતી મારા અસીલને મળેલ છે. આથી આ નોટીસ આપી જણાવવાનું કે, કોઈપણ વ્યક્તિ, સંસ્થા અગર ધાર્મિક ટ્રસ્ટ દ્વારા મારા અસીલનાં પત્ની સાથે કોઈપણ પ્રકારનાં સામાજીક અને નાણાંકીય વ્યવહાર કરવા નહીં અને જો તેમ કરવામાં આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તેની સઘળી જવાબદારી જે તે વ્યક્તિ અગર જાહેર સંસ્થાની રહેશે, તેની નોંધ લેવી.

તારીખ : ૨૪/૧૧/૨૦૧૭
સ્થળ : અમદાવાદ

મારી મારફતે
સહી/-
એમ. એસ. ત્રિવેદી
એડવોકેટ